27 નવે.થી મતદારયાદી સુધારણાની પ્રક્રિયા શરૂ, 18 જાન્યુ.એ આખરી યાદી

નામ ઉમેરવા, કમી કરવા અને વિગતો સુધારવા 26 ડિસેમ્બર સુધી તક

સુરતઃ નવા વર્ષમાં 18 વર્ષની વય પૂર્ણ કરનારા યુવાનોને મતાધિકાર મેળવવાની તક આપવા સહિત મતદારયાદીને વધુ ચોકસાઈપૂર્ણ બનાવવા ચૂંટણી તંત્ર સજ્જ થયું છે. સુરત જિલ્લાની 16 વિધાનસભા બેઠકો માટે 27 નવેમ્બરથી ખાસ સંક્ષિપ્ત મતદારયાદી સુધારણા કાર્યક્રમ શરૂ થશે. 26 ડિસેમ્બર સુધી નામ ઉમેરવા, કમી કરવા અને વિગતોમાં સુધારા માટે અરજીઓ કરી શકાશે, જ્યારે આખરી મતદારયાદી 18 જાન્યુઆરી, 2027ના રોજ પ્રસિદ્ધ થશે.

જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેક્ટર તેજસ પરમારના અધ્યક્ષસ્થાને સુરત સર્કિટ હાઉસ ખાતે યોજાયેલી પત્રકાર પરિષદમાં આ અંગેની વિગતો આપવામાં આવી હતી. ભારતના ચૂંટણી પંચ દ્વારા 28 ઓક્ટોબર, 2026ના પત્રથી 1 જાન્યુઆરી, 2027ની લાયકાતની તારીખના સંદર્ભમાં આ કાર્યક્રમ જાહેર કરવામાં આવ્યો છે. ખાસ કરીને 1 જાન્યુઆરીએ 18 વર્ષની વય પૂર્ણ કરતા તમામ લાયક નાગરિકોનો મતદારયાદીમાં સમાવેશ કરવાનો મુખ્ય હેતુ છે. ચૂંટણી તંત્ર દ્વારા સુરત જિલ્લાની તમામ 16 વિધાનસભા બેઠકોમાં મતદાન મથકોના રેશનલાઈઝેશન અને પુનર્ગઠનની કામગીરી હાથ ધરવામાં આવી છે. આ કામગીરી 17 નવેમ્બર, 2026 સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે. પુનર્ગઠન બાદ જિલ્લામાં કુલ 4,383 મતદાન મથકો રહેશે. અગાઉ સતત મતદારયાદી સુધારણા અંતર્ગત ખાસ ઝુંબેશના દિવસોમાં વિવિધ ફોર્મ સ્વીકારી કામગીરી કરવામાં આવી હતી. હવે નવી ફોટાવાળી મતદારયાદી તૈયાર કરવાની પ્રક્રિયા હાથ ધરાશે. કલેક્ટર તેજસ પરમારે નાગરિકોને મુસદ્દા મતદારયાદી પ્રસિદ્ધ થયા બાદ પોતાના નામ અને વિગતોની ચકાસણી કરવા અપીલ કરી હતી. મતદારયાદીમાં નામ ન ધરાવતા અને વિગતોમાં સુધારો કરાવવા ઈચ્છતા નાગરિકોએ નિયત સમયમર્યાદામાં અરજી કરવી જોઈએ. વધુ માહિતી અને માર્ગદર્શન માટે સંબંધિત વિસ્તારના બૂથ લેવલ ઓફિસર (BLO)નો સંપર્ક કરી શકાશે અથવા જિલ્લા ચૂંટણી હેલ્પલાઈન નંબર 1950 પર કોલ કરી શકાશે.

મતદારયાદી સુધારણાનું સમયપત્રક

27 નવેમ્બર, 2026: સંકલિત મુસદ્દા મતદારયાદી પ્રસિદ્ધ થશે.
27 નવેમ્બરથી 26 ડિસેમ્બર: નામ ઉમેરવા, કમી કરવા તથા વિગતો સુધારવા હક્ક-દાવા અને વાંધા અરજીઓ સ્વીકારાશે.
11 જાન્યુઆરી, 2027: પ્રાપ્ત અરજીઓનો નિકાલ કરવાની અંતિમ તારીખ.
18 જાન્યુઆરી, 2027: આખરી મતદારયાદી પ્રસિદ્ધ થશે.

સુરતથી અંબાજી જઈ રહેલી લક્ઝરી બસને અકસ્માત

અમદાવાદ-વડોદરા એક્સપ્રેસ હાઈવે પર ત્રિપલ અકસ્માત, 10 ઘાયલ

બસમાં ફસાયેલા મુસાફરોનું રેસ્ક્યૂ કરાયું, સદનસીબે જાનહાનિ ટળી

અમદાવાદઃ અમદાવાદ-વડોદરા એક્સપ્રેસ હાઈવે પર આણંદ નજીક વહેલી સવારે લક્ઝરી બસ, ટ્રક અને ટેન્કર વચ્ચે ત્રિપલ અકસ્માત સર્જાતા અફરાતફરી મચી ગઈ હતી. આ અકસ્માતમાં બસમાં સવાર અંદાજે 10 મુસાફર ઈજાગ્રસ્ત થયા હતા. તમામ ઈજાગ્રસ્તોને તાત્કાલિક સારવાર અર્થે નજીકની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. સદનસીબે આ ઘટનામાં કોઈ જાનહાનિ થઈ નહોતી.

આ અંગે મળતી માહિતી પ્રમાણે સુરતથી મુસાફરોને લઈને એક લક્ઝરી બસ અંબાજી તરફ જઈ રહી હતી. દરમિયાન વડોદરાથી અમદાવાદ તરફના એક્સપ્રેસ હાઈવે પર આણંદ નજીક પાછળથી પૂરપાટ ઝડપે આવી રહેલી હેવી મશીનરી ભરેલી ટ્રકના ચાલકે સ્ટિયરિંગ પરથી કાબૂ ગુમાવ્યો હતો. પરિણામે ટ્રક બસના પાછળના ભાગે ધડાકાભેર અથડાઈ હતી. ટ્રકની ટક્કરથી બસ આગળ જઈ રહેલા ટેન્કર સાથે અથડાતાં ત્રણ વાહનો વચ્ચે અકસ્માત સર્જાયો હતો.

વહેલી સવારે બનેલી આ ઘટનાને પગલે હાઈવે પર અફરાતફરીનો માહોલ સર્જાયો હતો.

અકસ્માતની જાણ થતાં જ હાઈવે પેટ્રોલિંગ ટીમ, સ્થાનિક પોલીસનો કાફલો તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવ્યો હતો. બસમાં ફસાયેલા મુસાફરોને રેસ્ક્યૂ કરીને બહાર કાઢવામાં આવ્યા હતા અને ઈજાગ્રસ્તોને સારવાર માટે હોસ્પિટલમાં પહોંચાડવામાં આવ્યા હતા. પોલસે અકસ્માતનો ગુનો નોંધીને સમગ્ર મામલે વધુ તપાસ શરૂ કરવામાં આવી છે.

ઉધના રેલવે સ્ટેશનેથી 20 દિવસમાં 3.98 લાખ મુસાફરો રવાના થયા

પ્રથમ વખત ઉધનાથી જનરલ ટિકિટોથી રેલવેને મળ્યા 11.96 કરોડ

ગત વર્ષની સરખામણીમાં મુસાફરોની સંખ્યામાં 23% નો વધારો

6 નવેમ્બરે સૌથી વધુ 37,698 મુસાફર

આંકડા મુજબ, 6 નવેમ્બરે ઉધના સ્ટેશનથી એક દિવસમાં સૌથી વધુ 37,698 મુસાફરોએ પ્રવાસ કર્યો. આ દિવસે રેલવેને 1.41 કરોડ રૂપિયાથી વધુની આવક થઈ. 7 નવેમ્બરે પણ 33,594 મુસાફરોએ પ્રવાસ કર્યો અને 1.18 કરોડ રૂપિયાની કમાણી થઈ. જ્યારે 8 નવેમ્બરે દિવાળીના દિવસે 31,034 મુસાફરોએ અવરજવર કરી. તે પછી પણ 9થી 12 નવેમ્બર સુધી દરરોજ 22 હજારથી વધુ મુસાફરોની અવરજવર ચાલુ રહી.

સુરતઃ દિવાળી અને છઠ પર ઘરે જતાં મુસાફરોની ભારે ભીડ વચ્ચે ઉધના રેલવે સ્ટેશને આ વર્ષે મુસાફરોની અવરજવર અને કમાણીના મામલે નવો રેકોર્ડ બનાવ્યો છે. 24 ઓક્ટોબરથી 12 નવેમ્બર સુધી 20 દિવસમાં ઉધના સ્ટેશનથી જારી કરાયેલી 3,07,828 જનરલ ટિકિટો પર કુલ 3,98,926 મુસાફરોએ પ્રવાસ કર્યો. તેનાથી પશ્ચિમ રેલવેને 11 કરોડ 96 લાખ 82 હજાર 901 રૂપિયાની આવક થઈ.

ખાસ વાત એ છે કે પ્રથમ વખત માત્ર જનરલ ટિકિટોથી જ ઉધના સ્ટેશનને લગભગ 12 કરોડ રૂપિયાની કમાણી થઈ છે. આ દરમિયાન લગભગ 2.70 લાખ મુસાફરો યુપી-બિહાર માટે રવાના થયા. 57 રેગ્યુલર અને 68 સ્પેશિયલ ટ્રેન આ સમયગાળા દરમિયાન દોડાવવામાં આવી હતી. તહેવારોની સીઝનમાં 250થી વધુ ટ્રીપ સ્પેશિયલ ટ્રેનોનું સંચાલન કરવામાં આવ્યું હતું. દિવાળી પહેલાના ત્રણ દિવસમાં ઉધના સ્ટેશન પર કુલ 111 ટ્રેનો ઉપલબ્ધ કરાવાઈ હતી. ખાસ કરીને 7 અને 8 નવેમ્બરની રાત્રે માત્ર 15 કલાકના ગાળામાં 45,000થી વધુ મુસાફરોની અવરજવરને સફળતાપૂર્વક સંભાળવામાં આવી હતી. 1થી 10 નવેમ્બર 2026 દરમિયાન સમગ્ર ઝોનમાં કુલ 73 લાખ મુસાફરોની અવરજવર નોંધાઈ છે, જે ગત વર્ષની સરખામણીમાં 2 લાખ વધુ છે.

ગત વર્ષની સરખામણીમાં આ વખતે મુસાફરોની સંખ્યા અને રેલવેની આવક બંનેમાં નોંધપાત્ર વધારો નોંધાયો. દિવાળી-છઠ દરમિયાન 2025માં ઉધનાથી 2,57,690 જનરલ ટિકિટ જારી થઈ હતી, જેના પર 3,24,524 મુસાફરોએ પ્રવાસ કર્યો હતો. તે દરમિયાન રેલવેને 7 કરોડ 66 લાખ 11 હજાર 955 રૂપિયાની આવક થઈ હતી. જ્યારે, યુપી-બિહાર જતા મુસાફરોની સંખ્યા લગભગ 1.60 લાખ હતી.

સુરતનાં જંગલોમાં હવે વન્યજીવો સાથે રોમાંચક સફારીનો અનુભવ

દક્ષિણ ગુજરાતની પ્રથમ જંગલ સફારીનો કેવડી ઈકો ટુરિઝમ સાઈટથી પ્રારંભ

5 કિમીના જંગલ માર્ગે બે કલાક સુધી કુદરત અને વન્યજીવનને નજીકથી નિહાળી શકાશે



સુરતઃ સુરત માત્ર ઔદ્યોગિક અને શહેરી વિકાસ માટે જ નહીં, પરંતુ સમૃદ્ધ વનસંપદા અને કુદરતી સૌંદર્ય માટે પણ આગવી ઓળખ ધરાવે છે. દક્ષિણ ગુજરાતનાં ગાઢ જંગલોમાં વસતા વન્યજીવો અને પ્રકૃતિને નજીકથી નિહાળવાની તક હવે પ્રવાસીઓને સુરતમાં જ મળશે. દક્ષિણ ગુજરાતની પ્રથમ જંગલ સફારીનો કેવડી ઈકો ટુરિઝમ સાઈટ ખાતેથી પ્રારંભ કરવામાં આવ્યો છે.

અત્યાર સુધી જંગલ સફારીનો અનુભવ કરવા ગીર કે ગીરનાર જેવા વિસ્તારોમાં જવું પડતું હતું, પરંતુ હવે સુરત સહિત દક્ષિણ ગુજરાતના લોકોને પોતાના જ વિસ્તારમાં જંગલ સફારીનો રોમાંચ માણી શકશે. ખાસ કરીને નવી પેઢીને જંગલો, વન્યજીવો અને પ્રકૃતિની જૈવવિવિધતાથી પરિચિત કરાવવા આ સફારી મહત્ત્વપૂર્ણ સાબિત થઈ શકે છે. સુરતના માંડવી તાલુકામાં આવેલી કેવડી ઈકો ટુરિઝમ સાઈટ આસપાસનો વિસ્તાર ગાઢ જંગલો, ટેકરીઓ અને કુદરતી સૌંદર્યથી ભરપૂર છે. વન વિભાગ દ્વારા વિકસાવવામાં આવેલી આ ઈકો ટુરિઝમ સાઈટ હવે જંગલ સફારીના નવા આકર્ષણ સાથે પ્રવાસનના નકશા પર વધુ મહત્ત્વનું સ્થાન મેળવશે.

૩૫૦૦થી ૫૦૦૦ રૂપિયા સુધીનો ચાર્જ

સોમવારથી શુક્રવાર દરમિયાન સફારી માટે રૂ.૩,૫૦૦ અને શનિવાર તથા રવિવારે રૂ.૫,૦૦૦ ચૂકવવાના રહેશે. આમ, સપ્તાહના અંતે જંગલ સફારીનો આનંદ માણવાનો વિકલ્પ ઉપલબ્ધ બનશે.

આવનારી પેઢીને વન્યજીવનનો પ્રત્યક્ષ અનુભવ કરાવી શકાય

નાયબ વનસંરક્ષક ધીરજકુમારે જણાવ્યું હતું કે, આવનારી પેઢીને વન્યજીવનનો પ્રત્યક્ષ અનુભવ કરાવી શકાય અને તેઓ જંગલો તથા વન્યજીવોનું મહત્ત્વ સમજી શકે તેવા હેતુથી જંગલ સફારી ઉપયોગી નીવડશે.

50 હજાર હેક્ટર જેટલો વનવિસ્તાર

અત્રે ઉલ્લેખનીય છે કે, સુરત જિલ્લાના માંડવી, માંગરોળ અને ઉમરપાડા સહિતના વિસ્તારોમાં આશરે ૫૦ હજાર હેક્ટર જેટલો વનવિસ્તાર આવેલો છે. કેવડી ઇકો ટુરિઝમ સાઇટ માંડવી સાઉથ રેન્જના જેતપુર રાઉન્ડ હેઠળના અનામત ઘન જંગલના પાંચ હેક્ટર વિસ્તારમાં આવેલી છે. આ વિસ્તાર દીપડા સહિતના વન્યજીવોના વસવાટ માટે પણ જાણીતો છે. આવા સમૃદ્ધ જંગલ વિસ્તારમાં સફારી શરૂ થવાથી દક્ષિણ ગુજરાતના પ્રકૃતિ પ્રવાસનને નવી દિશા મળવાની આશા છે.

મોબાઈલનો વિવેકપૂર્ણ ઉપયોગ અને એકાગ્રતા જ સફળતાની ચાવી

માંગરોળમાં યોજાયેલા યુવા સંમેલનમાં કલેક્ટર તેજસ પરમારનું માર્ગદર્શન

સુરતઃ ભગવાન બિરસા મુંડાની 151મી જન્મજયંતિ નિમિત્તે જનજાતીય ગૌરવ સપ્તાહ અંતર્ગત માંગરોળના વાંકલ ખાતે યોજાયેલા સંમેલનમાં પૂર્વ કેબિનેટ મંત્રી અને ધારાસભ્ય ગણપતસિંહ વસાવાની પ્રેરક ઉપસ્થિતિમાં સુરત જિલ્લા કલેક્ટર તેજસ પરમારે યુવાનોને શિક્ષણ, કારકિર્દી, રાષ્ટ્રનિર્માણ અને સ્પર્ધાત્મક પરીક્ષાઓ અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

કલેક્ટર તેજસ પરમારે જણાવ્યું હતું કે, પાલનપુરના સામાન્ય પરિવારમાંથી આવીને કઠિન પરિશ્રમ અને અડગ મનોબળના આધારે તેમણે 26 વર્ષની વયે સિવિલ સર્વિસની પરીક્ષા પાસ કરી હતી. છેલ્લા 10 વર્ષથી તેઓ ગુજરાત કેડરમાં સેવા આપી રહ્યા છે. તેમણે યુવાનોને મોબાઈલ અને સોશિયલ મીડિયાનો ઉપયોગ મર્યાદિત તથા વિવેકપૂર્ણ રીતે કરવા અને અભ્યાસ દરમિયાન એકાગ્રતા જાળવવા અનુરોધ કર્યો હતો. માંગરોળના ગ્રામ્ય વિસ્તારોમાંથી પણ યુવાનો IAS અને IPS જેવા ઉચ્ચ હોદ્દા સુધી પહોંચ્યા હોવાની પ્રશંસા કરી તેમણે વહીવટી તંત્ર તરફથી દરેક પ્રકારના માર્ગદર્શન અને સહકારની ખાતરી આપી હતી. ધારાસભ્ય ગણપતસિંહ વસાવાએ જણાવ્યું હતું કે, દેશની આઝાદી માટે માત્ર 25 વર્ષની નાની વયે શહીદી વહોરનાર ભગવાન બિરસા મુંડાનું જીવન આજના આદિવાસી યુવાનો માટે પ્રેરણારૂપ છે. યુવાનોએ પરિવાર, સમાજ અને રાષ્ટ્રના વિકાસ માટે યોગ્ય માનસિકતા કેળવવી જોઈએ.

આ પ્રસંગે નાયબ જિલ્લા વિકાસ અધિકારી દિવ્યેશ પટેલ, જિલ્લા પંચાયત ઉપપ્રમુખ ઉમેદ ચૌધરી, માંગરોળ તાલુકા પંચાયત પ્રમુખ સંગીતાબેન, ઉમરપાડા તાલુકા પંચાયત પ્રમુખ સપનાબેન વસાવા, જિલ્લા પંચાયત સહકાર-સિંચાઈ સમિતિના ચેરમેન સુનીતાબેન, એસટી મોરચાના ઉપાધ્યક્ષ દીપક વસાવા, સુમુલ ડેરીના ડિરેક્ટર અમિત વસાવા, સરપંચ અનિતાબેન, યુવા મોરચાના જિલ્લા પ્રમુખ દર્શન પટેલ, અર્જુન વસાવા, નવીનભાઈ સહિતના અગ્રણીઓ, મામલતદારો, ટીડીઓ, ગ્રામજનો, વિદ્યાર્થીઓ અને યુવાનો ઉપસ્થિત રહ્યા હતા.

અનુસંધાન... પાના છેલ્લાનું

સ્વચ્છ સર્વેક્ષણ...

રાષ્ટ્રીય સ્તરે ટોચનું સ્થાન હાંસલ કર્યું છે. જ્યારે ગુજરાતનું ડાયમંડ સિટી સુરત 'સુપર સ્વચ્છ લીગ' કેટેગરીમાં દેશભરમાં બીજા ક્રમે રહ્યું છે.

આ 10મી...

તરીકે ઉભરી આવ્યા છે. -સ્વચ્છ રિવર ફ્રન્ટ ટાઉન્સ (નદી કિનારાના સ્વચ્છ નગરો): નદી કિનારે વસેલા નગરોની સ્વચ્છતા કેટેગરીમાં મધ્યપ્રદેશનું રીવા, છત્તીસગઢનું બિલાસપુર અને ઉત્તરપ્રદેશનું વારાણસી અગ્રેસર રહ્યા છે. -સ્વચ્છ કોસ્ટલ ટાઉન્સ (દરિયાકાંઠાના સ્વચ્છ નગરો): દરિયાકિનારાની સ્વચ્છતા જાળવવામાં ઓડિશાનું પુરી, કેરળનું અલપ્પુઝા અને મહારાષ્ટ્રનું રત્નાગીરી શ્રેષ્ઠ સાબિત થયા છે.

આ શિયાળામાં...

ઘટાડા સાથે ઠંડીની અસર વધુ સ્પષ્ટ થવા લાગી છે. ખાસ કરીને વહેલી સવારે બહાર નીકળતા લોકો ઠંડકનો અનુભવ કરી રહ્યા છે. હવામાનના વર્તમાન ફેરફારોને જોતાં આગામી દિવસોમાં લઘુત્તમ તાપમાનમાં વધુ ઘટાડો થવાની અને ઠંડીનું પ્રમાણ વધવાની સંભાવના છે. આ સાથે સુરતવાસીઓને ધીમે ધીમે શિયાળાની ઋતુનો અહેસાસ થવા લાગશે.

પીએમ મોદીની...

મુલાકાતનું રાજકીય મહત્ત્વ વધી ગયું છે. ૨૦૨૭ની ચૂંટણી પહેલાં સરકારની કામગીરી, મંત્રીઓની જવાબદારી, સંગઠન અને સરકાર વચ્ચેનું સંકલન તથા આગામી વિકાસલક્ષી એજન્ડા અંગે વડાપ્રધાન શું સંદેશ આપે છે તેના પર હવે સૌની નજર મંડાઈ છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી આજે રાત્રે આશરે ૮.૧૫ વાગ્યે અમદાવાદ એરપોર્ટથી ગાંધીનગરના લોકભવન પહોંચ્યા હતા. અહીં રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજીએ તેમનું ઉષ્માભર્યું સ્વાગત કર્યું હતું. લોકભવન ખાતે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને રાજ્યના તમામ મંત્રીઓ સાથે રાત્રિભોજન બેઠકનું આયોજન કરવામાં આવ્યું છે. આ બેઠકમાં પ્રદેશ ભાજપ પ્રમુખ જગદીશ વિશ્વકર્મા, પક્ષના ચારેય મહામંત્રીઓ અને સંગઠન મહામંત્રી રત્નાકરજી સહિતના સંગઠનના અગ્રણીઓ પણ ઉપસ્થિત રહેશે.

સંસ્કારધામ ટ્રસ્ટીઓ સાથે પણ બેઠક, શિક્ષણનાં આયોજનોની ચર્ચા

વડાપ્રધાન ૧૪ નવેમ્બરની સવારે લોકભવન ખાતે સંસ્કારધામ ટ્રસ્ટની બેઠકમાં પણ હાજરી આપશે. આ બેઠકમાં ટ્રસ્ટીઓ સાથે સંસ્થાના આગામી આયોજનો, શિક્ષણ ક્ષેત્રે હાથ ધરાનારી પ્રવૃત્તિઓ અને વિકાસલક્ષી કામગીરી અંગે ચર્ચા થવાની છે. સંસ્કારધામની સ્થાપના વડાપ્રધાન મોદીએ તેમના ગુરુ વકીલ સાહેબની સ્મૃતિમાં કરી હતી. બેઠક પૂર્ણ થયા બાદ તેઓ અમદાવાદ એરપોર્ટથી દિલ્હી પરત ફરશે.

UAEમાં...

માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યાં છે. દિવાળી વેકેશનમાં પરિવાર સાથે દુબઈ ફરવા ગયેલા પરિવાર પર આ દુર્ઘટનાથી આભ તૂટી પડ્યું છે. મળતી માહિતી મુજબ, ચોકબજારના ભાગાતળાવ વિસ્તારમાં આવેલા અનુપમ એપાર્ટમેન્ટમાં રહેતા ઈમરાન ઐય્યુબ મનસુર દિવાળી વેકેશનમાં પત્ની સબીના, પુત્રી સારમીન અને 13 વર્ષીય પુત્ર આતીક સાથે દુબઈ ફરવા ગયા હતા. બુધવારે તેઓ સુરત પરત ફરવાના હોવાથી પરિવાર ફુજૈરાહ એરપોર્ટ જવા માટે નીકળ્યો હતો. ત્યાંથી ફ્લાઈટ મારફતે મુંબઈ એરપોર્ટ આવવાનું આયોજન હતું. જોકે, ફુજૈરાહ એરપોર્ટ પહોંચવાના આશરે 15 કિલોમીટર પહેલાં જ પરિવારની કાર ભયાનક અકસ્માતનો ભોગ બની હતી. આ અકસ્માતમાં 13 વર્ષીય આતીકને ગંભીર ઈજાઓ પહોંચતાં તેનું મોત નીપજ્યું હતું. જ્યારે પિતા ઈમરાન, માતા સબીના અને બહેન સારમીનને પણ નાની-મોટી ઈજાઓ પહોંચતાં સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યાં છે. આ અંગે આતીકના સંબંધી જાવેદ મલેકે માહિતી આપતાં જણાવ્યું હતું કે પરિવાર દિવાળી વેકેશનમાં ફરવા ગયો હતો અને આજે જ સુરત પરત આવવાનો હતો. પરંતુ ઘરે પરત ફરતાં પહેલાં જ આ દુર્ઘટનાએ પરિવારની ખુશીઓ છીનવી લીધી છે. આ ઘટનાની જાણ થતાં જ ભાગાતળાવ વિસ્તારમાં રહેતા પરિવારજનો અને સંબંધીઓમાં શોકની લાગણી ફેલાઈ ગઈ છે.

અમૂલ-મધર...

લિટર રૂ.૪ અને અમૂલ તાજા ટોન્ડ મિલ્કમાં રૂ.૨નો વધારો કરાયો છે. બીજી તરફ મધર ડેરીએ પણ વિવિધ વેરિયન્ટના દૂધના ભાવમાં રૂ.૨થી ૪ સુધીનો વધારો કર્યો છે. દૂધની સાથે અમૂલે ઘી અને બટરના ભાવમાં પણ વધારો કરતાં ઘરવપરાશનું બજેટ ખોરવાયું છે. અમૂલના એક કિલોના ઘીના કાર્ટનનો ભાવ રૂ.૬૩૦થી વધારી રૂ.૬૮૦ કરવામાં આવ્યો છે. એટલે કે સીધો રૂ.૫૦નો વધારો થયો છે. જ્યારે ૫૦૦ ગ્રામ ઘીના પાઉચનો ભાવ રૂ.૩૨૫થી વધારી રૂ.૩૪૫ કરાયો છે. અમૂલ બટરના ૧૦૦ ગ્રામના પેકેટમાં રૂ.૩ અને ૫૦૦ ગ્રામના પેકેટમાં રૂ.૧૫નો વધારો કરવામાં આવ્યો છે. બીજી તરફ સુમુલ ડેરી માટે પણ પશુપાલકોનો વધતો ઉત્પાદન ખર્ચ મોટો પડકાર બન્યો છે. ઘાસચારો, પશુ ખાણદાણ, પશુઓની આરોગ્ય સંભાળ અને પરિવહન ખર્ચમાં સતત વધારો થઈ રહ્યો છે. પરિણામે અંદાજે ૨.૫ લાખ પશુપાલકોને દૂધ ઉત્પાદનના વ્યવસાયમાં ટકાવી રાખવા સુમુલ ડેરી દ્વારા દૂધના વેચાણભાવની સાથે પશુપાલકોને ચૂકવવામાં આવતા કિલોફેટ દીઠ દૂધના ભાવફેરમાં પણ વધારો કરવામાં આવે તેવી શક્યતા છે. જોકે, ભાવવધારાની સત્તાવાર જાહેરાત હજુ થઈ નથી. તહેવારોના માહોલમાં શુદ્ધ અમૂલ ઘી અને બટર બજારમાં પૂરતા પ્રમાણમાં ઉપલબ્ધ ન હોવાની ફરિયાદો પણ ઊઠી રહી છે. બીજી તરફ ભેળસેળવાળા ઘીનો વેપલો, સંગ્રહખોરી અને કાળાબજારી અંગે ગ્રાહકોમાં ચિંતા વધી છે. દૂધ, ઘી અને બટર વૈભવી નહીં, પરંતુ બાળકો, વૃદ્ધો અને સામાન્ય પરિવારોની રોજિંદી જરૂરિયાત છે. સતત ભાવવધારાથી ગરીબ, નિમ્ન મધ્યમ અને મધ્યમવર્ગીય પરિવારો પર આર્થિક બોજ વધી રહ્યો છે. ગ્રાહકોની માંગ છે કે સરકાર ડેરી ઉત્પાદનોના ભાવવધારા પર અંકુશ રાખે, શુદ્ધ ઘી અને બટરની પૂરતી ઉપલબ્ધતા સુનિશ્ચિત કરે તથા ભેળસેળિયા અને સંગ્રહખોરો સામે કડક કાર્યવાહી કરે. સાથે જ પશુપાલકોને પોષણક્ષમ ભાવ મળે અને ગ્રાહકોને પણ મોંઘવારીમાંથી રાહત મળે તેવું સંતુલન જાળવવામાં આવે.

સ્વચ્છતા માટે...

બાયો-મેડિકલ વેસ્ટ ટ્રીટમેન્ટ ફેસિલિટી કાર્યરત છે. 08 ➢ મટીરિયલ રિકવરી ફેસિલિટી (MRF)માંથી અલગ કરવામાં આવતાં સૂકા કચરા પર પ્રતિ મે.ટન રૂ. 450 (પ્લાસ્ટિક) અને રૂ. 350 (નોન-પ્લાસ્ટિક) રોયલ્ટીની આવક થાય છે. ➢ ખજોદ ખાતે લગભગ 25 લાખ મે.ટન લેગસી વેસ્ટનું બાયોમાઇનિંગ પૂર્ણ કરવામાં આવેલ છે. 37 ➢ મિકેનિકલ સ્વીપર મશીન મારફત સ્ક્રેપિંગ કરવામાં આવે છે. 75 ➢ સ્માર્ટ અંડરગ્રાઉન્ડ વેસ્ટ બિન અને જાહેર માર્ગો પર 2298 ટ્વીન ડસ્ટબિન લગાવવામાં આવેલ છે. ➢ ફૂડ એટીએમ, બર્તન બેંક, 5000 બોટલમાંથી પ્લાસ્ટિક મોન્સ્ટર અને ભંગારમાંથી 30 શિલ્પોનું નિર્માણ કરવામાં આવેલ છે. ➢ ભારત સરકારશ્રી દ્વારા શરૂ કરેલ 3R સેન્ટરના કોન્સેપ્ટને વિસ્તૃત કરી 5R (રીડ્યુસ, રીયુઝ, રીસાયકલ, રીપેર અને રીફ્યુઝ) કરવામાં આવ્યો, જે અંતર્ગત કુલ 31 જેટલા 5R સેન્ટરો સુરત શહેરમાં શરૂ કરવામાં આવેલ છે. ➢ તદઉપરાંત, આગામી વર્ષોમાં અદ્યતન સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ રૂલ્સ-2026 ના સઘન અમલીકરણ અર્થે પણ પ્રયાસો હાથ ધરવામાં આવેલ છે. મુનિસિપલ સોલિડ વેસ્ટના પરંપરાગત પ્રોસેસિંગની સાથોસાથ વેસ્ટ ટુ સ્ટીમ, વેસ્ટ ટુ એનર્જી અને પ્લાઝ્મા ટેક્નોલોજી વગેરે જેવા નવીન વિકલ્પોને પણ સામેલ કરી, પર્યાવરણલક્ષી અને જનતાના આરોગ્ય હિતને ધ્યાને રાખી વધુ પ્રયત્નો હાથ ધરવામાં આવ્યા હોવાનું તંત્ર જણાવી રહ્યું છે.

સ્વચ્છતામાં સુરત...

વર્ષે સ્વચ્છતા સર્વેક્ષણ સુપર લીગમાં હરોળમાં રહેલું સુરત શહેરનો આ વખતે બીજો ક્રમ આવ્યો છે. શહેરની સ્વચ્છતા જાળવી રાખવા માટે સુરત મહાનગરપાલિકા દ્વારા વિવિધ સ્તરે પ્રયાસો કરવામાં આવી રહ્યા છે, પરંતુ વધતા જતા શહેરીકરણ સાથે કેટલાક પડકારો પણ સામે આવ્યા છે. શહેરનો ભૌગોલિક વ્યાપ અને વસતી જે ઝડપે વધી રહી છે, તે પ્રમાણે કચરો એકત્ર કરવા માટેના ડોર-ટુ-ડોર વાહનોની સંખ્યામાં હજુ પણ વધારો કરવાની જરૂરિયાત વર્તાઈ રહી છે. અમુક વિસ્તારોમાં કચરાના નિકાલ અને ડોર-ટુ-ડોર કલેક્શનને લઈને નાગરિકોની ફરિયાદો પણ જોવા મળી રહી છે, જેના પર તંત્ર દ્વારા વધુ ધ્યાન આપવાની આવશ્યકતા છે. જો વધતી વસતીના પ્રમાણમાં સફાઈ વ્યવસ્થા અને વાહનોની સુવિધા વધુ સુદ્રઢ બનાવવામાં આવે, તો સુરત ફરીથી દેશમાં પોતાનું સર્વોચ્ચ સ્થાન હાંસલ કરી શકે તેમ છે. તા. 11/11/2026 ના રોજ દિલ્હી ખાતે યોજાયેલા 'સ્વચ્છતા સર્વેક્ષણ 2025-26' એવોર્ડ સમારોહમાં સુરત શહેરને સ્વચ્છતા લીગ કેટેગરીમાં સમગ્ર દેશભરમાં દ્વિતીય ક્રમ પ્રાપ્ત થયો છે. આ એવોર્ડ સમારોહમાં માનનીય રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુના હસ્તે તથા કેન્દ્રીય આવાસ અને શહેરી બાબતો અને વીજળી મંત્રીમનોહરલાલ ખટ્ટરની ઉપસ્થિતિમાં આ સન્માન સ્વીકારવામાં આવ્યું હતું. આ ક્ષણે ગુજરાતના નાણામંત્રી તથા કેબિનેટ મંત્રી કનુભાઈ દેસાઈ, સુરત મહાનગરપાલિકાના મેયર, કમિશનર અને આરોગ્ય સમિતિના ચેરમેન ઉપસ્થિત રહીને સંયુક્તપણે આ એવોર્ડ સ્વીકાર્યો હતો. ઉલ્લેખનીય છે કે, ભારત સરકારના આવાસ અને શહેરી બાબતોના મંત્રાલય (MoHUA) દ્વારા સ્વચ્છ ભારત મિશન-શહેરી યોજના હેઠળ જાન્યુઆરી 2016 માં શરૂ કરવામાં આવેલા આ સ્વચ્છતા સર્વેક્ષણમાં દેશના સૌથી સ્વચ્છ શહેરોની હરોળમાં સુરતે વિવિધ ક્રમાંકો મેળવ્યા છે. સુરતે સ્વચ્છતા સર્વેક્ષણ 2016 માં છઠ્ઠો ક્રમાંક, સ્વચ્છતા સર્વેક્ષણ 2017માં ચોથો ક્રમાંક, સ્વચ્છતા સર્વેક્ષણ 2018 અને 2019 માં ચૌદમો ક્રમાંક મેળવ્યો હતો. ત્યારબાદ પ્રગતિ કરતા સ્વચ્છતા સર્વેક્ષણ 2020, 2021 અને 2022 માં સતત બીજો ક્રમાંક મેળવ્યા બાદ, સ્વચ્છતા સર્વેક્ષણ 2023-2024 માં સુરતે પ્રથમ સ્થાન સર કર્યું હતું. આ ઉપરાંત, સ્વચ્છતા સર્વેક્ષણ 2024-2025 માં સુરત સુપર લીગમાં ઈન્દોર શહેર સાથે સૌથી સ્વચ્છ શહેર તેમજ 7-સ્ટાર ગાર્બેજ ફ્રી સિટી અને વોટર પ્લસ સિટી જાહેર કરવામાં આવ્યું છે.

સુડોકુ ૭૬૬૬ 'ક્રુઝ'

	૨		૯	૮	૬			
૮	૯	૩			૫	૬	૭	૪
	૫				૪	૮		
૯		૫	૪			૨	૬	૭
૩		૨					૫	૯
૬		૭	૫	૯		૩		
	૬	૧			૭	૯	૨	
							૪	૧
					૧	૫	૮	

■ અહીં એક ચોરસ આપ્યું છે. જેમાં નવ બોક્સ છે.
■ દરેક બોક્સમાં નવ ખાનાં છે. દરેક બોક્સમાં એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. તેમજ મોટા ચોરસની દરેક આડી અને ઊભી લાઇનમાં પણ એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. કોઇ પણ અંક રહી ન જવો જોઇએ. તેમજ એકનો એક અંક ઊભી કે આડી કોઇપણ લાઇનમાં કે બોક્સમાં બીજી વાર વપરાવો જોઇએ નહીં.
■ પઝલમાં આપેલા અંકમાં કોઇ ફેરફાર કરી શકશો નહિ.

ક્રમાંક-૭૬૬૫નો ઉકેલ (?)

દાદીમાના નુસખા

મીનુ પરબીઆ - રચોમંદ પરબીઆ

અતિસાર

વાળો 10g, ધાવડી ના ફૂલ 10g, બેલગર્ભ 10g, ગજ પીપર 10g લઈ વાટી ચૂર્ણ કરવું. તેમાંથી ત્રણથી પાંચ ગ્રામ ચૂર્ણ સવાર સાંજ પાણી સાથે લો. દશ દિવસ લેવું.

શબ્દગુંફન - ૭૨૯૩ અરવિંદ એસ. મારૂ

૧		૨	■	૩		૪	■	૫	■
	■	૬			■	૭	૮		૯
૧૦	૧૧		■	૧૨		■		■	
■		૧૩		■		૧૪	■	૧૫	
૧૬	■	૧૭		■	૧૮	■		■	
	■		■	૧૯		■	૨૦		૨૧
૨૨	૨૩	■	૨૪		■	■	૨૫		■
■	૨૬	■		■	૨૭		■	૨૮	
૨૯		■	૩૦		■	■	૩૧		૩૨
	■	૩૩		■	૩૪		■		

આડી ચાવી
૧. પૂર્ણિમા (૩)
૩. ચતુર સ્ત્રી (૩)
૬. ભાગીદાર, સાથી (૩)
૭. જિંદગી, જન્મારો (૪)
૧૦. સરદાર, આગેવાન (૩)
૧૨. ખેડવાથી પડતો લાંબો આંકો (૨)
૧૩. પતિ (૨)
૧૪. દેવ- દેવી એ આપેલું વચન (૪)
૧૬. પાણીનો ઘાટ (૪)
૧૮. બાવડું, હાથ (૨)
૧૯. મસાલામાં વપરાતું સોડમવાળું બિયું (૨)
૨૦. પવિત્ર, શુધ્ધ (૩)
૨૨. પૃથ્વી (૨)
૨૪. આબરૂ, વિશ્વાસ (૨)
૨૫. આદમી (૨)
૨૬. ગણતરી કરનારો, જોષી (૩)
૨૭. ''કીડી ....સંગ્રહ કરે જુઓ જંતુની જાત'' (૨)
૨૯. વીતી ચૂકેલું (૨)
૩૦. યોગ્ય (૩)
૩૧. ઝાંઝર, નેપુર (૩)
૩૩. અલગ, જુદું (૨)
૩૪. રસ ધરાવતો માણસ (૩)

ઊભી ચાવી
૧. એક રાક્ષસી, કંસની દાસી (૩)
૨. પાણી ભરવાની ચામડા કોથળી (૩)
૩. ચર્ચા, ઊહાપોહ (૪)
૪. ખુશ, પ્રસન્ન (૨)
૫. જ્ઞાતિ, ન્યાત (૨)
૮. પ્રધાન (૩)
૯. દાંત (૩)
૧૧. વિશ્વાસ (૩)
૧૩. ટેક, આબરૂ (૨)
૧૪. છોકરાંની કે નાનાં ભાઈ સ્ત્રી (૨)
૧૫. રાક્ષસ, અસુર (૩)
૧૬. હોડી (૩)
૧૭. મકાન, ગૃહ (૨)
૧૮. બંદરમાં પેસવાનો માર્ગ (૨)
૧૯. ફતેહ, વિજય (૨)
૨૦. પાંદડું, પર્ણ (૨)
૨૧. આકાશ (૨)
૨૩. મૂળ કિંમત (૩)
૨૪. એક તળીને બનાવેલી મિઠાઈ (૪)
૨૫. માણસ, આદમી (૨)
૨૭. એક સંત (૩)
૨૮. સદવર્તન (૨)
૨૯. ગમવું તે રૂચિ (૨)
૩૧. પવિત્ર, શીલવાન (૨)
૩૨. વેલ (૨)

શબ્દગુંફન - ૭૨૯૨નો ઉકેલ (?)

આજનું પંચાંગ

તા. 14/11/2026, શનિવાર

વિક્રમ સંવત : 2083 **શાકે :** 1948
વીર સંવત : 2553 **માસ :** કારતક
તિથિ: સુદ: પાંચમ 23:24- લાભ પાંચમ
અયન : દક્ષિણાયન **ઋતુ :** હેમંત
રાષ્ટ્રિય દિનાંક : કારતક-23 **યોગ :** શૂલ
કરણ: બવ **નક્ષત્ર :** પૂ.ષા: 20:24
રાશિ: ધન (ભ,ધ,ફ,ઢ) 27:13 પછી મકર (ખ,જ)
દિવસ : અશુભ- પાંડવ પંચમી, બાલદિન- નહેરુ જયંતી
સુરતમાં સૂર્યોદય : 06:50 **સુરતમાં સૂર્યાસ્ત :** 17:56
નવકારસી : 07:38
પારસી વર્ષ : 1396 તીર માસનો 02 જો રોજ
મુસલમાન વર્ષ : 1448 જમાદીલ આખર માસનો 04થો રોજ
દિવસનાં ચોઘડિયાં: કાળ, શુભ, રોગ, ઉદવેગ, ચલ, લાભ, અમૃત, કાળ,
રાત્રિનાં ચોઘડિયાં: લાભ, ઉદવેગ, શુભ, અમૃત, ચલ, રોગ, કાળ, લાભ,
રાહુ કાળ : સવારે: 09:30 થી 11:00 સુધી

મેષ (અ,લ,ઇ,): આજનો દિવસ ઉત્સાહજનક રહેશે. નોકરીમાં નવી તક મળે. વેપાર-ધંધામાં નવા સોદા થાય. શુભ સમાચાર મળે.
વૃષભ (બ,વ,ઉ,): નવા કામની શરૂઆત થાય. વડીલોના આશીર્વાદ મળે. સરકારી નોકરીયાતને રાહત રહે. ઉઘરાણી આવી શકે છે.
મિથુન (ક,છ,ઘ,): રોજના કામમાં ઉત્સાહ રહે. નવા મુહૂર્ત થાય. સામાજિક માન વધે. ઘરમાં શુભ પ્રસંગનું આયોજન થાય.
કર્ક (ડ,હ,): નોકરી માટે નવી ઓફર આવે. વિજાતિ મિત્રોનો સાથ મળે. માતા અને મોસાળ પક્ષની મદદ મળે.
સિંહ (મ,ટ,): સંતાનોના

આપની આજ

જ્યોતિષાચાર્ય હંસરાજ

કામ થાય. વિદ્યાર્થીઓને મદદ મળે. નવા મિત્રોથી સાવધાન. જીવન સાથી સાથે દેવદર્શન થાય.
કન્યા (પ,ઠ,ણ,): નવા વેપાર-ધંધાનું મુહૂર્ત થાય. વાહન મકાનની યોજના પાર પડે. નોકરીમાં નવી તક મળે.
તુલા (ર,ત,): પ્રવાસ, સંગીત, નૃત્ય શિક્ષણને લગતા કામમાં પ્રગતિ. આજે નવા કામનું મુર્હૂત પાર પડે. મદદ મળે.
વૃશ્ચિક (ન,ય,): આર્થિક રોકાણની યોજના બને. પારિવારિક ધંધામાં નવા મુર્હૂત થાય. આર્થિક પ્રગતિથી બચત થાય.
ધન (ભ,ધ,ફ,ઢ,): શુભ કામની શરૂઆત થાય, મુહૂર્તનો દિવસ અનુકૂળ રહે. નવા સોદા થાય. સામાજિક પ્રતિષ્ઠા વધે.
મકર (ખ,જ,): ખાણી-પીણીના ધંધામાં આવક વધશે. વિદેશને લગતા કામ થાય. મુહૂર્તનાં સોદા પાર પડશે.
કુંભ (ગ,સ,શ,ષ,): મિત્રો સાથે સામાજિક કામ થાય. વિદ્યાર્થીઓને નવુ શીખવા મળે. નવા કામનું મુહૂર્ત થાય.
મીન (દ,ચ,ઝ,થ,): વેપારના નવા સોદા પાર પડે. વાહન મિલકતની ખરીદીનું મુહૂર્ત થાય. આવક વધારવાની યોજના બને.

કોઈ પણ સાલમાં 14 નવેમ્બરે જન્મેલાનું વર્ષ ફળ

આજથી શરૂ થતું આપનું નવું વર્ષ ઉત્સાહજનક રહેશે. નોકરી-ધંધામાં નવી તક મળે. આરોગ્ય સુધરે. ઉઘરાણી આવવાથી નવા રોકાણ થાય. સમાજમાં માન વધે. સરકારી કામ, કોર્ટ, કચેરીમાં પ્રગતિથી શાંતિ થાય. નોકરી-ધંધામાં હરીફો સતાવે અને ટેકનોલોજીનો લાભ મળે. સંતાનોના અભ્યાસ-કેરીયરમાં મદદ મળે. નવા ઘર, વાહન, મકાન બાબતે શરૂઆતમાં સફળતા મળે. વિદેશનાં કામ ધીમાં પડે. વિદ્યાર્થીઓને ભાગ્યનો સાથ મળે. સામાજિક કામ, વારસા, જાયદાદ-જમીન જેવા કામમાં મિત્રોનો સાથ મળે. પ્રેમ-વિવાહ થાય, ઊંમરલાયકને યોગ્ય પાત્ર મળે. વડીલોની મદદથી નવા વેપાર-ધંધાની યોજના બને. સ્ત્રી વર્ગ માટે વર્ષ અનુકૂળ છે. નોકરિયાતને પ્રમોશન મળે. યાત્રા-પ્રવાસ, ધર્મ-કર્મથી શાંતિ મળે. મે-જૂન-ઓગસ્ટ-સપ્ટેમ્બરમાં બુધ-શુક્રવારે જૂન-જુલાઈમાં શનિવાર 07, 16,25 તારીખે નવા કામ ટાળવાં. લાલ અને કાળા રંગનો ઉપયોગ ટાળવો. બુધવારનાં ઉપાય કરતાં રહેવું.

અનુસંધાન... પાના પહેલાનું

મણિપુરમાં ચાલુ...

ગોળી મારીને હત્યા કરવામાં આવી હતી અને બે પુરુષો ઘાયલ થયા હતા, તેના એક દિવસ બાદ આ ઘટના બની હતી. ઉખરુલના એક કુકી સંગઠને આ હત્યાઓમાં કુકી-ઝો સમુદાયની કોઈપણ પ્રકારની સંડોવણી હોવાનો ઇનકાર કર્યો છે.

મોદી મારા ફોન...

પ્રશ્નના જવાબમાં ગાંધીએ જણાવ્યું હતું કે તેમના તમામ આરોપોના પુરાવા તેમના ફોનમાં છે, જેનું વડા પ્રધાન દ્વારા ટેપિંગ કરવામાં આવી રહ્યું છે. તેમણે આક્ષેપ કર્યો હતો કે ડિબેટથી એ સાબિત થઈ જશે કે કોણ વિદેશી શક્તિઓ દ્વારા નિયંત્રિત છે અને કોણ રાષ્ટ્રવિરોધી છે, અને ઉમેર્યું કે તેમના ફોનમાં આ બાબતોની વિગતો છે.

આસામમાં મિનીબસ...

ડોક્ટરોએ 20 લોકોને વધુ સારી સારવાર માટે જોરહાટ રિફર કર્યા છે. પોલીસે જણાવ્યું હતું કે, મિનીબસ ગોલાઘાટથી નગાંવ તરફ જઈ રહી હતી, જ્યારે કન્ટેનર ટ્રક અપર આસામ તરફ જઈ રહ્યો હતો. બસમાં કેટલા લોકો મુસાફરી કરી રહ્યા હતા તેની ચોક્કસ સંખ્યા તાત્કાલિક જાણી શકાઈ નથી.

બે વર્ષ પહેલા...

અપડેટને કારણે થયેલી આ ઘટનાના કારણે વિશ્વભરમાં લાખો વિન્ડોઝ સિસ્ટમ ક્રેશ થઈ ગઈ, જેના કારણે એરલાઇન્સ, બેંકિંગ સંસ્થાઓ અને અસંખ્ય વ્યવસાયો પર અસર પડી.

સાયબર હુમલાને...

કંપનીના પ્રારંભિક અપડેટ્સમાં ઇન્ફ્રાસ્ટ્રક્ચર પર વધેલા લોડ અને કનેક્ટિવિટીની સમસ્યાઓ તરફ નિર્દેશ કરવામાં આવ્યો હતો. જેમ-જેમ અસરગ્રસ્ત સર્વર બંધ થતા ગયા, તેમ-તેમ ટ્રાફિકને અન્ય મશીનો તરફ વાળવામાં આવ્યો, જેના કારણે બાકીના ઇન્ફ્રાસ્ટ્રક્ચર પર દબાણ વધી ગયું. નવી ખોરવણી ટાળવાની કાળજી રાખીને કામ કરવું પડતું હોવાથી સેવા ફરી સ્થાપિત કરવામાં લાંબો સમય લાગી રહ્યો હોવાનું જણાવાયું છે.

ભારતમાં એરલાઇનોની...

સેવાઓનો રૂટ બદલ્યો છે. અન્ય એક ભારતીય એરલાઇન કંપની ઇન્ડિગોએ જણાવ્યું હતું કે તેની ઈમેલ સપોર્ટ સેવાઓમાં વિક્ષેપ નોંધાયો છે, જો કે આ એરલાઇને જણાવ્યું હતું કે તેની ફ્લાઇટ કામગીરી બિનઅસરગ્રસ્ત રહી હતી. જ્યારે કે સ્પાઇસજેટની કેટલીક ડોમેસ્ટિક ફ્લાઇટો રદ કરવી પડી હોવાના અહેવાલ છે. માઈક્રોસોફ્ટ આઉટેજને કારણે ભારતના નાણાકીય સેવા ક્ષેત્રમાં કામકાજને અસર થઇ છે, જેના લીધે કર્મચારીઓને રિસર્ચ રિપોર્ટ્સ મેળવવામાં અને ક્લાયન્ટ્સ સાથે કોલ કરવામાં મુશ્કેલી પડી રહી છે.

ઇરાન યુદ્ધ મામલે...

પણ આ સંઘર્ષને લઈને ટેલિફોન પર ઉગ્ર ચર્ચાઓ થઈ ચૂકી છે. જૂન મહિનામાં થયેલા અનેક મતભેદો બાદ, ટ્રમ્પે 'ધ પોસ્ટ'ને જણાવ્યું હતું કે તેમણે એક વાતચીત દરમિયાન નેતન્યાહૂને અપશબ્દ કહ્યો હતો.

અમેરિકી રડાર...

છે અને ત્યાં અમેરિકી નૌકાદળનો ૫મો કાફલો તૈનાત છે. નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે રડાર પરનો હુમલો અમેરિકાને તેના હુમલાઓ બંધ કરવા માટેની ગંભીર ચેતવણી હતી. સપ્ટેમ્બર પછી બહેરીનમાં કોઈ સુવિધાને નિશાન બનાવવાનો ઈરાનનો આ પ્રથમ અહેવાલ હતો. બહેરીનના માહિતી મંત્રાલયે ટિપ્પણી માટેની વિનંતીઓનો તાત્કાલિક કોઈ જવાબ આપ્યો નથી.


માઈક્રોસોફ્ટ ઠપ થતાં...

કરવામાં આવી હતી. આ આઉટેજ ગુરુવારે જ શરૂ થઈ ગયો હોવાનું માનવામાં આવે છે અને શુક્રવારે તે બીજા દિવસમાં પ્રવેશ્યો હતો. ગુરુવારે રાતના ૧૧.૩૦ વાગ્યાથી અત્યાર સુધીમાં આઉટલૂકને લગતી ૧.૪૦ લાખ ફરિયાદો મળી છે. દુનિયાના ૭૪ જેટલા દેશોમાં આની અસર જોવા મળી રહી છે. રેડમન્ડ, વોશિંગ્ટન સ્થિત કંપનીએ જણાવ્યું હતું કે તે સમસ્યાનું કારણ શોધવા અને તેના સર્વરને ફરીથી ઓનલાઈન લાવવા માટે વિવિધ રીતો અજમાવી રહી છે. શુક્રવારે મોડેથી માઈક્રોસોફ્ટે જણાવ્યું હતું કે એશિયા-પેસેફિક ક્ષેત્રમાં તેની સેવાઓ તબક્કવાર બહાલ કરવામાં આવી રહી છે. ઓસ્ટ્રેલિયામાં, ગૃહ બાબતોના મંત્રી ટોની બર્કે શુક્રવારે જણાવ્યું હતું કે તેમણે વૈશ્વિક વિક્ષેપ અંગે ઓસ્ટ્રેલિયામાં માઈક્રોસોફ્ટના ટોચના એક્ઝિક્યુટિવ અને સરકારના રાષ્ટ્રીય સાયબર સુરક્ષા સંયોજક સાથે વાત કરી હતી. એશિયન નાણાકીય હબ એવા હોંગકોંગની કેટલીક બેંકોની કામગીરીમાં પણ આંશિક વિક્ષેપ જોવા મળ્યો હતો. સિંગાપોરની ગવર્નમેન્ટ ટેકનોલોજી એજન્સીએ જણાવ્યું હતું કે સરકારી ઈમેલ બંધ થઈ ગયા છે. ફિલિપાઈન્સની સુપ્રીમ કોર્ટે 'X' પર એક નિવેદનમાં જણાવ્યું હતું કે ચાલી રહેલા માઈક્રોસોફ્ટ ૩૬૫ સર્વિસ આઉટેજથી ઈમેલ પ્રતિભાવો સહિતની તેની કેટલીક કામગીરીઓ પ્રભાવિત થઈ છે. જાપાનમાં, નાયબ મુખ્ય કેબિનેટ સચિવ માસાનાઓ ઓઝાકીએ જણાવ્યું હતું કે આઉટેજથી સરકારના આઈટી (IT) ઈન્ફ્રાસ્ટ્રક્ચરને અસર થઈ છે અને તેઓ "ઘટનાક્રમ પર ચાંપતી નજર રાખી રહ્યા છે."

છૂટક ફુગાવાનો...

દર ઘટી કે વધી શકે છે. તેથી, નીતિ ઘડવૈયાઓ દ્વારા માસિક અથવા ક્રમિક ફેરફારો પર ખૂબ જ બારીકાઈથી નજર રાખવામાં આવે છે કારણ કે તે ભાવની ગતિશીલતા દર્શાવે છે. ભારતીય રિઝર્વ બેંકને ફુગાવાના દરને ૨થી ૬ ટકાની રેન્જમાં ૪ ટકા પર રાખવાનું કામ સોંપવામાં આવ્યું છે.

અનાવિલ બેસણું



સ્વ. કિરણકુમાર છગનલાલ દેસાઈ
સ્વ. તા.૧૧-૧૧-૨૦૨૬

અત્યંત દુઃખ સાથે જણાવવાનું કે મારા પતિ/પિતા/ભાઈ શ્રી કિરણકુમાર છગનલાલ દેસાઈ તા.૧૧-૧૧-૨૦૨૬ ને બુધવારે દેવલોક પામ્યા છે.

સદ્દગતનું બેસણું તા. ૧૫-૧૧-૨૦૨૬ ને રવિવારે સવારે ૧૦ થી ૧૨ કલાકે અનાવિલ ભવન, આર્યકન્યા રોડ, બેંક ઓફ મહારાષ્ટ્રની સામે કારેલીબાગ, વડોદરા ખાતે રાખેલ છે.

સ્મિતાબેન કિરણભાઈ દેસાઈ (પત્ની)-૭૦૪૮૨૨૬૬૬૩
ધ્વનિ કિરણકુમાર દેસાઈ (પુત્ર) ફાલ્ગુની ધ્વનિ દેસાઈ (પુત્રવધુ)
ડૉ. અજય છગનલાલ દેસાઈ(ભાઈ) મીરા અજયભાઈ દેસાઈ(ભાભી)
પ્રકાશભાઈ છગનલાલ દેસાઈ(ભાઈ) મીનુ પ્રકાશભાઈ દેસાઈ(ભાભી)
મેંકુ તુલસીરામચંદ (જમાઈ) મેંકુ કિંજલ તુલસીરામચંદ (પુત્રી)
ઈલાબેન ગુણવંતરાય દેસાઈ (બહેન)